# એમ.એ. સેમ. ૧ –પરીક્ષા એપ્રિલ–૨૦૧૬

## ગુજરાતી પેપર નં. ૧ : અપઠિત

## કોડ નં. :૪૭૨૪

સમય : ૨.૩૦ કલાક                                                                 ગુણ : ૭૦

નોંધ : દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧. સાંપ્રત ગુજરાતી ગઝલકવિતા વિશે નોંધ લખો. ૧૪

અથવા

૧. વર્તમાન ગુજરાતી કવિતાની દિશા અને દશા વર્ણવો.

૨. સમકાલીન ગુજરાતી ટૂંકીવાર્તા વિશે ચર્ચા કરો. ૧૪

અથવા

૨. ધ્રુવ ભટ્ટની નવલકથાઓ વિશે નોંધ લખો.

૩. ગુજરાતી નિબંધની સાંપ્રત સ્થિતિ–ગતિ અંગે ચર્ચા કરો. ૧૪

અથવા

૩. ગુજરાતી દીર્ઘનાટકની પ્રવર્તમાન સ્થિતિ તપાસો .

૪. નીચેની કવિતાની આસ્વાદમૂલક સમીક્ષા કરો. ૧૪

www.mkbuonline.com

દરિયો હતો, હોડી હતી, ને ખારવો હતો;
એવે સમે ખુદા તને પડકારવો હતો.

એવા પ્રયાસમાં હું સતત જીતતો ગયો,
જીતેલ દાવને ફરીથી હારવો હતો.

રણમાંય મજા થાત; ખામી આપણી હતી,
રણને જ આપણે બગીચો ધારવો હતો.

જીત્યાનો અર્થ હાર પણ કયારેક થાય છે,
એવી જ હારથી તને ઉગારવો હતો.

ઊંચકી શકું, એનાથી વધુ ભાર લૈ ફર્યો,
થોડોક ભાર, હે ગઝલ ! ઉતારવો હતો.

– અશોકપુરી ગોસ્વામી

અથવા

૪. નીચેની કવિતાની સમીક્ષા કરો.

રેવા તટે મધ્યાહ્ન–સંધ્યા

બપોર, વળી ગ્રીષ્મનો ધગધગી ઊઠયું ભાઠું આ
વિશાળ નદીનું, ન હિંમત હવાનીયે આવવા
બહાર નદીનાં જલો પર સવાર થૈ ખેલવા.
ન પંખી ઊડતું, ન કે ટહુકતું....શી મૂર્છાદશા !
તટે વિજન નાવ તેય સ્થિર નાંગરેલી પડી,
શિલા શું જોમાં નિરાંત કરી ભેંસખાડુ પડ્યું
રમે ડૂબકીદાવ નીલ જો મધ્ય ગોવાળિયા,
ભીની તઠની રેતમાં વિકલ હાફતાં કૂતરા.

ઢળે સૂરજ પશ્ચિમે, નદી જલે દ્રુમો, ભેખડો–
તણા તિમિરજાળ શા ઢળત સાંધ્યઓળા, અને
ઊઠી, મરડી અંગ વાયુ જલના તરંગે તરે
ઊડે ટહુકતાં વિહંગ, નભપૃથ્વી મૂર્છા ટળે.
નજીક ઘરમાંથી બેડું લઈ ગ્રામસ્ત્રી સંચરે,
વહેણ મહીંથી ઘટે સૂરજદીધું સોનુ ભરે.

–જયન્ત પાઠક

૫. નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. ૧૪

વિવેચક હંમેશાં બે વ્યકિતતઓ સાથે વાત કરી રહ્યો હોય છે : કળાકારની સાથે, વાચકની સાથે. પણ એ પહેલાં તે પોતાની સાથે વાત કરતો હોય છે : ભલા જીવ ! આ તું શું કરી રહ્યો છે? આ કાર્ય તને કોણે સોંપ્યું? પોતાની મેળે આ સ્વીકાર્યું તો તારી જ વાત કરને, કે આ કૃતિએ તારા સંવિદતંત્ર ઉપર શું કર્યું? સર્જકકૃતિના પરિચય પહેલાં તું જે હતો તે જ રહ્યો છે કે અધિક સમૃદ્ધ થયો છે? તારી ચેતના પર આ કૃતિના અનુભવ સાથે શું અંકિત થયું? – જો આવું આવું કાંઈક તમને થયું હશે તો જ બીજાને તમારી વાતમાં ઈતબાર પડશે, તો જ એ વાત કરવા જેવી પણ બનશે.

–રમણલાલ

જોશી

અથવા

કાવ્યો પરત્વે મારા સંગ્રહોમાં મેં કયારેય કંઈ નિવેદન કર્યું નથી. એવું કરવાની જરૂરિયાત મને જણાઈ નથી. કવિતા સીધેસીધી એના ભાવકની પાસે પહોંચે ને ભાવક એનો સ્પર્શ પોતાની રીતે પામે ને આહ્લાદ અનુભવે. કાવ્યના સૌંદર્યને અને રસને પામવાની પ્રક્રિયા મને તો પ્રેયસીના અવગુંઠનની ઓથે રહેલા વદનના સૌંદર્યને અને ઓષ્ઠના રસને પામવાની સમી લાગી છે. કોમળ સ્પર્શથી મહિન આવરણને જરા આઘું કરી મુખની સુરખી અને નેત્રની દ્યુતિ ઝીલી શકાય. પ્રત્યેક ભાવક નિજી સંસ્કાર અને રુચિ પ્રમાણે રસાનુભવ કરે એમાં વચ્ચે આવવાનું ન હોય.

www.mkbuonline.com